Extra No. 300

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૦મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૦૧/૨૦૨૫/એસબી.૫/બીએનસી/૧૦૨૦૨૫/જીઓઆઇ-૧૫.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Electronic Processes (Issuance, Service and Execution) Rules, 2025.

ગુજરાત ઈલેક્ટ્રોનિક પ્રોસેસ (આદેશિકા) (કાઢવા, બજાવવા અને અમલ કરવા બાબત) નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંકઃ જીજી/૧૦૧/૨૦૨૫/એસબી.૫/બીએનસી/૧૦૨૦૨૫/જીઓઆઈ-૧૫ઃ- ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૬૪ની પેટા-કલમ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા,વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત ઈલેક્ટ્રોનિક પ્રોસેસ (આદેશિકા) (કાઢવા, બજાવવા અને અમલ કરવા બાબત) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "જામીન બોન્ડ" એટલે જામીનગીરી સાથે મુક્તિ માટેની બાંહેધરી;

(ખ) “સી.આઈ.એસ. (CIS)” એટલે કેસ ઈન્ફર્મેશન સિસ્ટમ, માહિતીના એકત્રીકરણ અને સૂચનાઓના અમલીકરણ માટે જિલ્લા ન્યાયતંત્ર દ્વારા ઉપયોગમાં લેવાતું સિસ્ટમ સોફ્ટવેર;

(ગ) “સી.સી.ટી.એન.એસ. (CCTNS)” એટલે NCRB દ્વારા સંચાલિત ક્રાઈમ અને ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક અને સિસ્ટમ્સ;

(ઘ) "ઈ-ગુજકોપ"/"સી.સી.ટી.એન.એસ. (CCTNS)" એટલે માહિતીના એકત્રીકરણ અને સૂચનાઓના અમલીકરણ માટે પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતું સિસ્ટમ સોફ્ટવેર;

(ચ) "ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર)" એટલે ટેલિફોન, મોબાઈલ ફોન અથવા અન્ય વાયરલેસ ટેલિકમ્યુનિકેશન ઉપકરણ, અથવા કમ્પ્યુટર, અથવા ઓડિયો-વીડિયો પ્લેયર અથવા કેમેરા અથવા કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામાથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા ઈલેક્ટ્રોનિક ફોર્મ (સ્વરૂપ) સહિત ઈલેક્ટ્રોનિક ઉપકરણ દ્વારા પ્રસારિત અથવા સ્થાનાંતરિત થયેલ કોઈપણ લેખિત, મૌખિક, સચિત્ર માહિતી અથવા વિડિયો સામગ્રીનો સંદેશાવ્યવહાર (એક વ્યક્તિ તરફથી બીજી વ્યક્તિને અથવા એક ઉપકરણમાંથી બીજા ઉપકરણમાં અથવા એક વ્યક્તિ તરફથી ઉપકરણમાં અથવા ઉપકરણમાંથી વ્યક્તિને પ્રસારિત અથવા સ્થાનાંતરિત થયેલ હોય કે ન હોય);

(છ) "ઈલેક્ટ્રોનિક સિગ્નેચર (હસ્તાક્ષર)" એટલે માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦ના ૨૧મા)ની બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ઈલેક્ટ્રોનિક તકનીકના સાધનો દ્વારા સબ્સ્ક્રાઈબર (ગ્રાહકે) અથવા કોર્ટે કરેલ કોઈપણ ઈલેક્ટ્રોનિક રેકર્ડનું પ્રમાણીકરણ અને તેમાં ડિજિટલ હસ્તાક્ષરનો સમાવેશ થાય છે. ઉપરાંત, ઈલેક્ટ્રોનિક ફોર્મ (સ્વરૂપ)માં જનરેટ (પેદા) થયેલ પ્રોસેસ (આદેશિકા) અથવા અહેવાલને, ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર સ્વરૂપે પ્રમાણિત કરવામાં આવે, ત્યારે જે વ્યક્તિ ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કરે તેવી વ્યક્તિની સહીથી પ્રમાણિત થયેલું માનવું જોઈશે;

(જ) "હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)" એટલે ગુજરાત હાઈકોર્ટ;

(ઝ) "જાણીતું ઈલેક્ટ્રોનિક મેઈલ એડ્રેસ (સરનામું)" એટલે વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા વ્યક્તિગત રીતે અથવા વેબસાઈટ અથવા પોર્ટલ પર સ્વીકારવામાં આવ્યું હોય, ઉપયોગમાં લેવાયું હોય અથવા રજૂ કરવામાં આવ્યું હોવાનું દર્શાવવામાં આવ્યું હોય તેવું ઈન્ટરનેટ પર સંદેશા મોકલવા અને મેળવવા માટે ઉપયોગમાં લેવાતું આવી વ્યક્તિ અથવા સંસ્થાનું ઈમેઈલ એકાઉન્ટ;

(૮) "પ્રોસેસ (આદેશિકા)"માં, સંહિતામાં જણાવ્યા પ્રમાણેના સંબંધિત હેતુઓ માટે કાઢેલા(બહાર પાડેલા), દરેક કેસના સંજોગો પ્રમાણે આવશ્યક હોય તેવા ફેરફારો સાથે, સંહિતાની કલમ ૬૩ હેઠળ કાઢેલા સમન્સ, વોરંટ અથવા સંહિતાની બીજી અનુસૂચિમાં દર્શાવેલ કોઈ અન્ય પત્રકો (ફોર્મ્સ)નો સમાવેશ થાય છે;

(૯) "નિયમો અને હુકમો" એટલે ગુજરાતના નિયમો અને હુકમો (ફોજદારી);

(૧૦) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો);

(૧૧) "સીલ" એટલે કોર્ટના સીલની છાપ;

(૧૨) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(૧૩) "સમન્સ" એટલે સંહિતાના પ્રકરણ ૬ હેઠળ કાઢેલા કોઈપણ સમન્સ;

(૧૪) "વોરંટ" એટલે અને તેમાં, જામીનપાત્ર વોરંટ અને બિન-જામીનપાત્ર વોરંટનો સમાવેશ થાય છે.

(૨) આ નિયમોમાં વાપરેલા પરંતુ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો); ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૫મો) અને માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦નો ૨૧મો)માં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. કોર્ટ, દરેક કેસના સંજોગો પ્રમાણે જરૂરી હોય તેવા ફેરફારો સાથે, સંહિતાની બીજી અનુસૂચિમાં દર્શાવેલા નમૂનામાં સી.આઈ.એસ.(CIS)/ઈ-ગુજકોપ/ઈ-સમન્સ પોર્ટલ મારફત ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં પ્રોસેસ (આદેશિકા) જનરેટ કરીને બહાર પાડી શકશે અને તેને, પોલીસ અધિકારી દ્વારા અથવા તેને બજાવનાર કોર્ટના અધિકારી અથવા અન્ય જાહેર સેવક દ્વારા (આદેશિકા) બજાવવાનો આદેશ કરી શકશે.

૪. સંહિતા હેઠળ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના સ્વરૂપમાં કાઢેલી દરેક પ્રોસેસ (આદેશિકા), સામાન્ય રીતે કોર્ટની ભાષામાં લખેલી હોવી જોઈશે અને તે એન્ક્રિપ્ટેડ અથવા ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના અન્ય કોઈપણ સ્વરૂપમાં હોવી જોઈશે અને તેના પર કોર્ટના સીલ અને/અથવા ડિજિટલ સહીની છાપ હોવી જોઈશે.

૫. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કાઢેલી દરેક પ્રોસેસ (આદેશિકા)માં ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર એવી રીતે હોવા જોઈશે કે કોર્ટનું નામ અથવા હસ્તાક્ષર કરનાર કે સબ્સ્કાઈબર જે હેસિયતથી કાર્ય કરતા હોય તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જનરેટ કરેલું સમન્સ, કોર્ટના સીલ અથવા કોર્ટના કારકુન અથવા રીડર અથવા યથાપ્રસંગ, આ સંદર્ભમાં લેખિતમાં અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિની ડિજિટલ સહીની છાપ ધરાવતું હોવું જોઈશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે ધરપકડનું દરેક વોરંટ કોર્ટના પ્રિસાઈડિંગ અધિકારીની ઈલેક્ટ્રોનિક સહીથી કાઢવું જોઈશે અને તેના પર કોર્ટનું સીલ પણ હોવું જોઈશે.

૬. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જનરેટ થયેલું પ્રોસેસ (આદેશિકા), એન્ક્રિપ્ટેડ અથવા ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના અન્ય કોઈ સ્વરૂપમાં, સુરક્ષિત સિસ્ટમ મારફત ઈ-ગુજકોપ/સી.સી.ટી.એન. એસ. (CCTNS)/ઈ-સમન્સ પોર્ટલ પર મેળવવામાં આવ્યું હોય, ત્યારે તે, કોર્ટ દ્વારા બજાવવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે. વધુમાં, આવા પ્રોસેસ (આદેશિકા)ની કોઈપણ પ્રિન્ટઆઉટની અસર, તેના અમલીકરણના હેતુ માટે અસલમાં બજાવવામાં આવી હોય તેવી જ રહેશે.

૭. પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ (હવાલો ધરાવતાં અધિકારી)એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે આરોપી અથવા યથાપ્રસંગ, સાક્ષીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલ સરનામું, જાણીતું ઈલેક્ટ્રોનિક મેઈલ સરનામું, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી ખરાઈ કરેલ વિગતો, ધરપકડ, તપાસ અથવા પૂછપરછ દરમિયાન નોંધવામાં આવે અને ઈ-ગુજકોપ/ સી.સી.ટી.એન.એસ.(CCTNS)માં દાખલ કરવામાં આવે. આવી વિગતો, સંહિતાની કલમ ૬૪ની પેટા-કલમ (૧)ના અનુપાલન રૂપે પોલીસ સ્ટેશન ખાતે જાળવેલા રજિસ્ટરમાં પણ દાખલ કરવી જોઈશે. આવી કોઈ વિગતો ઉપલભ્ય ન હોય, તો પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ (હવાલો ધરાવતાં અધિકારી)એ રજિસ્ટરમાં તે મતલબનો શેરો મારવાનો રહેશેઃ

પરંતુ આવી કોઈ વિગતો, કોઈ વધુ ખરાઈના આધારે અથવા આવા વ્યક્તિની અરજીના આધારે સુધારી શકાશે.

૮. ખાનગી ફરિયાદના આધારે કેસ દાખલ કરવામાં આવ્યો હોય, ત્યારે ફરિયાદીએ, ફરિયાદ સાથે આરોપી અને સાક્ષીઓના સરનામા, જાણીતા ઈલેક્ટ્રોનિક મેઈલ સરનામા, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી વિગતો દાખલ કરાવવાની રહેશે. આવી કોઈ માહિતી ઉપલભ્ય ન હોય, તો ફરિયાદીએ તે મતલબનો શેરો મારવાનો રહેશે.

૯. સરનામું, જાણીતું ઈલેક્ટ્રોનિક મેઈલ સરનામું, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી વિગતો, ઈલેક્ટ્રોનિક સ્વરૂપે પ્રસારિત કરવાની રહેશે અને સીઆઈએસ (CIS)માં જાળવવાની રહેશે અને પ્રોસેસ (આદેશિકા) બજાવવા માટે ઉપયોગ કરી શકાશે. આવી ડિજિટલ માહિતી સંહિતાની કલમ ૬૪ હેઠળ રજિસ્ટરનો ભાગ બનશે.

૧૦. સંહિતાની કલમ ૨૩૦ અને ૨૧૧ હેઠળ નકલો પૂરી પાડતી વખતે, સાક્ષીઓનું જાણીતું ઇલેક્ટ્રોનિક મેઇલ સરનામું, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી વિગતો, આરોપીઓને પૂરી પાડવી જોઇશે નહિ. પોલીસ સ્ટેશનના ઓફિસર-ઇન-ચાર્જ (પ્રભારી અધિકારી)એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે આવી વિગતો, સંહિતાની કલમ ૧૯૩ની પેટા-કલમ (૮) હેઠળ તૈયાર કરેલી નકલોનો ભાગ ન બને.

૧૧. પોલીસ સ્ટેશનના ઓફિસર-ઇન-ચાર્જ (હવાલો ધરાવતાં અધિકારી) અથવા તેમણે નિયુક્ત કરેલા કોઈપણ તાબાના અધિકારી, ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના સ્વરૂપમાં કોર્ટે બજાવેલું સમન્સ મળ્યેથી,જેને સમન્સ મોકલ્યું હોય તેવી વ્યક્તિના જાણીતા ઇલેક્ટ્રોનિક મેઇલ સરનામા, ફોન નંબર અથવા મેસેજિંગ એપ્લિકેશન પર સમન્સ મોકલી શકાશે.

૧૨. (૧) ઇલેકટ્રોનિક મેઇલ દ્વારા સમન્સ મોકલવામાં આવે, ત્યારે ઇલેકટ્રોનિક મેઇલ સર્વિસ પ્રોવાઇડરનો એવી રીતે ઉપયોગ કરવો જોઇશે કે જેથી પહોંચ જનરેટ થાય અને આવી પહોંચ, સર્વિસ (બજવણી)ના અહેવાલનો ભાગ બનશે.

(૨) કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને જાણીતા ઇલેક્ટ્રોનિક મેઇલ સરનામા પર કોઈ આદેશિકા મોકલવામાં આવે, ત્યારે ઇલેક્ટ્રોનિક મેઇલની ડિલિવરીમાં વિક્ષેપ ન આવે અથવા તે (મેઇલ) કોઈપણ કારણોસર પરત ન આવે, અથવા મેઇલ સર્વર પાસેથી "મોકલનારને પરત કરવું" એ સંદેશ, "પરત ફરવાનો સંદેશ" અથવા "ભૂલનો સંદેશ" પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ડિલિવરી થઈ ગઈ હોવાનું માની શકાશે અને વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, જે સમયે ઇલેક્ટ્રોનિક મેઇલ, ઇ-મેઇલના સામાન્ય ક્રમમાં મોકલવામાં આવ્યો હોય તે સમયે મોકલવામાં આવ્યો હોવાનું માની શકાશે.

સ્પષ્ટીકરણ: ઈ-મેઇલનો સામાન્ય ક્રમ, માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦ના ૨૧મા)ની કલમ ૧૩ અનુસાર નક્કી કરી શકાશે.

૧૩. (૧) મેસેજિંગ એપ્લિકેશન સહિત અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર દ્વારા સમન્સ બજાવવામાં આવે, ત્યારે સ્વીકૃતિ પહોંચ, બજવણીના અહેવાલનો ભાગ બનશે અને તે અહેવાલમાં, મોબાઇલ નંબર, મેસેજિંગ એપ્લિકેશન અને સંદેશાવ્યવહારની ડિલિવરીની સાબિતી આપતી એપ્લિકેશનનો સ્ક્રીનશોટ/ફોટો સહિતની વિગતોનો સમાવેશ થશે.

(૨) આવી ડિલિવરી, સમન્સ/પ્રોસેસ (આદેશિકા)ની યોગ્ય બજવણી કરી હોવાનું માની શકાશે અને બજવણીના અહેવાલ સાથે આવા સમન્સ/પ્રોસેસ (આદેશિકા)ની નકલ, આવા સમન્સ/પ્રોસેસ (આદેશિકા)ની બજવણીના પુરાવા તરીકે રેકર્ડમાં રાખવી જોઈશે.

સ્પષ્ટીકરણ: આ નિયમ ૧૩ અથવા નિયમ ૧૮ હેઠળની પહોંચમાં-

(ક) પ્રાપ્તકર્તાએ સ્વચાલિત અથવા અન્યથા કરેલ કોઈપણ સંદેશાવ્યવહાર; અથવા

(ખ) ઇલેક્ટ્રોનિક રેકર્ડ પ્રાપ્ત થયેલ છે એવું મૂળકર્તાને સૂચવવા માટે પૂરતી હોય તેવી પ્રાપ્તકર્તાની કોઈ વર્તણૂક,

-દ્વારા અપાયેલ પહોંચનો સમાવેશ થાય છે.

૧૪. સમન્સ જેને બજાવેલ હોય તે વ્યક્તિને લગતા ઇમેઇલ સરનામા, ફોન નંબર અથવા મેસેજિંગ એપ્લિકેશનની ખરાઇ કરાયેલી વિગતો ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં, પોલીસ સ્ટેશનના ઓફિસર-ઇન-ચાર્જ (હવાલો ધરાવતાં અધિકારી) અથવા તેમણે નિયુક્ત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ તે બાબતની એન્ટ્રી (નોંધ) કરાવવાની રહેશે અને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં કાઢેલા સમન્સની બીજી નકલની પ્રિન્ટઆઉટ લીધા પછી, સંહિતાના પ્રકરણ ૬ હેઠળ ઠરાવેલી કાર્યરીતિ અનુસાર તેનો અમલ કરાવવાનો રહેશે.

૧૫. ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારની અન્ય રીતે સમન્સ બજાવવામાં ન આવે અથવા ડિલિવરીમાં વિક્ષેપ આવે અને અન્ય કોઈ કારણોસર બાઉન્સ બેક થાય, ત્યારે પોલીસ સ્ટેશનના ઓફિસર-ઇન-ચાર્જ (હવાલો ધરાવતાં અધિકારી) અથવા તેમણે નિયુક્ત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ, તે બાબતમાં મોબાઇલ નંબર, મેસેજિંગ એપ્લિકેશન અને અરજીના સ્ક્રીનશોટ/ફોટો સહિતની તમામ વિગતો સમાવતો અહેવાલ તૈયાર કરવાનો રહેશે અને સમન્સની બજવણી માટે નિયમ ૧૪ મુજબ કાર્યવાહી કરી શકાશે.

૧૬. વોરંટ અથવા અન્ય કોઈ પ્રોસેસ (આદેશિકા) ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં બજાવવામાં આવે તેવા કિસ્સામાં, પોલીસ સ્ટેશનના ઓફિસર-ઇન-ચાર્જ (પ્રભારી અધિકારી) અથવા તેમણે નિયુક્ત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ, વોરંટ અથવા પ્રોસેસ (આદેશિકા)ની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે અને સંહિતા અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર તેનો અમલ કરવાનો રહેશે.

૧૭. કોઈ પ્રોસેસ (આદેશિકા) ઇલેક્ટ્રોનિક રીત સિવાય અન્યથા બજાવવામાં આવે અથવા અમલ કરવામાં આવે, ત્યારે પોલીસ અધિકારીએ, પ્રોસેસ (આદેશિકા) બજાવતી વખતે અથવા તેને અમલ કરાવતી વખતે, તે સ્વીકારનારની પહોંચ લેવાની રહેશે અને તેનો ફોટોગ્રાફ લઈ શકશે, જે બજવણીના અહેવાલનો ભાગ રહેશે.

૧૮. વોરંટની યોગ્ય બજવણી થયેથી અથવા બજવણી ન થયેથી, સંબંધિત પોલીસ સ્ટેશનના બજવણી અધિકારીએ જામીન બોન્ડ, ફોટોગ્રાફ્સ, પહોંચ, કોઈ હોય, તો તે સહિત સંબંધિત દસ્તાવેજો સાથે તે બજવણી, સી.સી.ટી.એન.એસ./ઈ-ગુજકોપ/ઈ-સમન્સ પોર્ટલ મારફત ઇલેક્ટ્રોનિક સ્વરૂપે સંબંધિત કોર્ટને મોકલવાના રહેશે અને ભૌતિક સ્વરૂપમાં આવી બજવણી/અમલનો અહેવાલ પણ મોકલી શકાશે.

૧૯. કોર્ટ, નિયમ ૧૮ હેઠળ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અહેવાલ મળ્યા પછી, આવા અહેવાલ પર કાર્યવાહી કરી શકશે. આવો અહેવાલ અથવા આવા અહેવાલની પ્રિન્ટઆઉટ પ્રોસેસ (આદેશિકા)ની બજવણી/અમલ તરીકે ખાતરી કરવાના હેતુથી અસલમાં હોવાનું પૂરતું રહેશે.

૨૦. ભારતીય ન્યાય સંહિતા (સન ૨૦૨૩ના ૪૫મા)ની કલમો ૬૪ થી ૭૧ હેઠળના ગુનાઓ અથવા મહિલા કે બાળક સામેના ગુનાને લગતા કેસોમાં કોઈ પ્રોસેસ (આદેશિકા) કાઢવામાં આવે, ત્યારે પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ (પ્રભારી અધિકારી)એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે બજવણી અથવા અમલ દરમિયાન ભોગ બનનારની(પીડિત) ઓળખ કોઈપણ રીતે જાહેર કરવામાં ન આવે. ભૌતિક સ્વરૂપમાં આવો બજવણી અહેવાલ, કોર્ટમાં સીલબંધ પરબિડીયામાં રજૂ કરવાનો રહેશે.

૨૧. સંહિતા હેઠળના કેસોમાં, આ નિયમોમાંનો કોઈપણ મજકૂર, આ નિયમો હેઠળની પ્રોસેસ (આદેશિકા) જનરેટ કરવા અને તેની બજવણી કરવા અથવા તેનો અમલ કરવાનો આદેશ કરવાની કોર્ટની સત્તાઓને મર્યાદિત કરતો હોવાનું માનવું નહિ.

૨૨. આ નિયમો, કોર્ટ દ્વારા પ્રોસેસ (આદેશિકા) કાઢવા, તેની બજવણી કરવા અને તેને અમલમાં મૂકવા માટે તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદા અથવા ગુજરાત હાઈકોર્ટે કરેલા નિયમો ઉપરાંતના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.22 10:54:13 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar